કામિની દોષી
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે,
ડુંભાલ,સુરત.
ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/ ૪૩૨૧
તારીખ.૨૮/૦૭/૨૦૨૬

## –:સંમતિ પત્રક:–

પ્રતિ,

**વિષય** :– સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ટી.પી. સ્કીમ નં.૪૦ (લિંબાયત–ડીંડોલી) વિસ્તારમાં આવેલ વિવિધ આંગણવાડીઓમાં વોલ પેઈન્ટીંગ (બાલા પેઈન્ટીંગ) કરવાનું કામ. (બીજો પ્રયાસ)

**સંદર્ભ** :– (૧) સ્થાયી સમિતિ ઠરાવ નં.૫૯૪/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ મંજુર થયેલ યુનિટ રેઈટ મુજબ .
(૨) મા. ડે.કમિશ્નરશ્રીની તા. ૧૮/૦૭/૨૦૨૬ ના રોજની મંજુરી.

**મહાશય,**

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ટી.પી. સ્કીમ નં.૪૦ (લિંબાયત–ડીંડોલી) વિસ્તારમાં આવેલ વિવિધ આંગણવાડીઓમાં વોલ પેઈન્ટીગ (બાલા પેઈન્ટીગ) કરવાના કામે બીજા પ્રયાસે ઉકત સંદર્ભ (૧) હેઠળના મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતોને આધિન મા.ડે. કમિશ્નરશ્રીની તા.૧૮/૦૭/૨૦૨૬ ની મંજુરી અન્વયે અંદાજીત રકમ રૂા.૧૫,૦૦,૦૦૦.૦૦પૈ. ની મર્યાદામાં સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનું ઈ.એમ.ડી રૂા.૧૫,૦૦૦.૦૦પૈ. સહિતનું સંમતિપત્રક **તા.૭ /૦૮/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

## –: શરતો :–

૧.અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે ૧.૦૦% પ્રમાણે રૂા.૧૫,૦૦૦. ૦૦ પૈ. આપવાના રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાનીરહેશે.

૩. ઈજારદારે સમાન કાર્યો સફળતા પૂર્વક પૂર્ણ કર્યાનો અનુભવનાં સર્ટીફીકેટ(ફોર્મ –૩(A)) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાનારહેશે.

૫. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનુંરહેશે.

૭. સ્થા.સમિતિ ઠરાવ નં.૫૯૪/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે ટેન્ડરના પ્રાઇઝ બીડ અને ટેકનીકલ બીડની શરતોને ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૩. આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦(દસ) પુરા થયેથી ૧૨(બાર)માસની ગણવાની રહેશે.

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૬–૩–૨૦૨૬ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૬–૨–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૪૩૫ થી વિદિત થઈ, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરીજનોમાં જાગૃતિ કેળવાય તે અર્થે વિવિધ પ્રકારના પેમ્ફલેટ વિતરણ, હોર્ડિંગ્સ, સ્ટેન્ડી તેમજ આઈ.ઈ.સી. મટીરીયલના ડીઝાઈન, પ્રિન્ટીગ, સપ્લાય અને ડીલીવરીના માટે યુનિટ રેઈટ(Without GST) નક્કી કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૭ ટેન્ડરો અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતીને ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, આ કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) આ કામે નીચે પત્રક–A ના કોલમ નં.(3) માં જણાવેલ આઈટમ માટે કોલમ નં.(5) માં જણાવેલ રેઈટને એક વર્ષ માટે યુનિટ રેઈટ તરીકે મંજુર કરવામાં આવે છે.

**પત્રક–A**

| Sr. No. | Item No. | Item Desciption | Unit | Unit Rate (in Rs. ) Without GST |
|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) |
| 1 | 1 | Flex Banner Any size 240 gsm | Sq.ft. | 8.00 |
| 2 | 2 | Flex banner with MS (Mild Steel) framing Any Size 240 gsm (Pipe Size 25x25x1.5mm) | Sq.ft. | 42.00 |
| 3 | 3 | Cloth Banner Up to 8' x 4' 140 gsm | Sq.ft. | 22.00 |
| 4 | 4 | Cloth Banner with MS (Mild Steel) framing Up to 8' x 4' 140 gsm (Pipe Size 25x25x1.5mm) | Sq.ft. | 60.50 |
| 5 | 5 | Cloth banner standee Any Size 140 gsm (Pipe Size 25x25x1.5mm) | Sq.ft. | 65.00 |
| 6 | 6 | Cloth Banner with Wooden stick at both end for rally display Any Size 140 gsm | Sq.ft. | 30.60 |
| 7 | 7 | Decorative wall paintings with designing, painting at place with all necessary materials Surface preparation, Primer application 2 Coats of weather coat paint, Artwork creation including labour | Sq.ft. | 40.00 |
| 8 | 8 | Slogan writing on walls designing, painting at place with all necessary materials Surface preparation, Primer application 2 Coats of weather coat paint, Artwork creation including labour | Sq.ft. | 30.00 |
| 9 | 9 | Glossy Certificate A4 size paper with 250 gsm | Nos. | 7.00 |

| (1) | (2) | (3) | (4) | (5) |
|---|---|---|---|---|
| 10 | 10 | Glossy Certificate with Decorative framing (front Glass and frame A4 size paper with 250 gsm | Nos. | 116.00 |
| 11 | 11 | Acrylic trophy with designing Any Size with 6 mm Acrylic | Sq.inch | 6.75 |
| 12 | 12 | Hoarding Printing & Mounting Any Size (240 gsm with Black back) | Sq.ft. | 15.50 |
| 13 | 13 | Wall Vinyl Sticker Any Size | Sq.ft. | 26.00 |
| 14 | 14.1 | Vinyl Sticker Any Size 1. Eco Solvent Vinyl Sticker (120 gsm) with Lamination (100 gsm) | Sq.ft. | 35.50 |
| 15 | 14.2 | Vinyl Sticker Any Size 2. Solvent Vinyl Sticker (120 gsm) with Lamination (100 gsm) | Sq.ft. | 20.50 |
| 16 | 15 | 5 mm PVC Sheet Eco Vinyl Any Size | Sq.ft. | 52.00 |

(૨) આ કામે નીચે પત્રક–B માં જણાવેલ ક્વોલિફાઈડ થયેલ કુલ–૪(ચાર) એજન્સીઓ પાસે પત્રક–A માં જણાવેલ તમામ આઈટમના મંજુર થયેલ યુનિટ રેઈટ મુજબ ઠરાવ થયા તારીખથી પ્રથમ ૬(છ) માસ માટે ઉકત કામગીરી કરાવવી અને ત્યારબાદ સદર ક્વોલિફાઈડ થયેલ કુલ–૪(ચાર) એજન્સીઓ ઉપરાંત આ કામગીરીના અનુભવી અન્ય એજન્સીઓ મંજુર થયેલ યુનિટ રેઈટ મુજબ કામગીરી કરવા સંમત થાય તો તેઓ પાસે સંમતિ મેળવી તેઓ પાસેથી પણ ઉકત કામગીરી કરાવવી.

**<u>પત્રક–B</u>**

| અનુ.નં. | એજન્સીઓના નામ |
|---|---|
| ૧ | Supremo Gujarat |
| ૨ | Vedanshee Safety And Sign |
| ૩ | Gautam Graphics |
| ૪ | Kalaagnya Art Center |

(૩) સદર એજન્સીઓની કામગીરી સંતોષકારક જણાય તો ટેન્ડર ટર્મ એન્ડ કન્ડિશન મુજબ વધુ એક વર્ષ માટે કામગીરી કરાવવા અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ અને મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪) ઉપરોકત મુદ્દા નં.(૧) અને (૨) અન્વયે એજન્સી સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઠરાવ નં.૫૯૪/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૮–૩–૨૦૨૬.

નકલ સાદર રવાના : અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ,